# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૭ ૯ જાન્યુઆરી, ૨૦૧૫, શુક્રવાર ; પોષ વદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિકાસ માટે વિદેશી ભારતીયો યોગદાન આપે : મોદી

## 'જાણો ભારત' અંગે ક્વિઝ કોમ્પિટિશન શરૂ કરવા વિશ્વના ભારતીયોને મોદીનું સૂચન : ૪૦૦૦ એનઆરઆઈની ઉપસ્થિતિમાં

## ગાંધી કુટિર અને પ્રવાસી દિનની ઉજવણી : ૮૦ દેશોમાં ગાંધીજીની પ્રતિમા મોજૂદ છે : ૨૦૦ દેશોમાં ભારતીય નહિ ભારત છે

ગાંધીનગર, તા.૮

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા મિશનને પૂરા ભારતે ઉપાડી લીધું હોવાનો નિર્દેશ આપી જણાવ્યું હતું કે ભારતની પવિત્ર ગંગા નદીને શુદ્ધ કરવાના ભારત સરકારના યજ્ઞમાં બિન નિવાસી ભારતીયોનો ફાળો અને મદદ મળી શકે તો આ અભિયાનને નિર્ધારિત સમયમાં આપણે પૂર્ણ કરી શકીએ તેમ છીએ.

મહાત્મા મંદિરમાં દેશ-વિદેશના હજારો મહેમાનોની ઉપસ્થિતિમાં ગાંધી કૂટિરનું ઉદ્ઘાટન કર્યા પછી પ્રવાસી ભારતીય દિનનો વિધિવત પ્રારંભ કરાવતા ભારતના વડાપ્રધાને ગુરૂવારે તેમના પ્રવચનમાં કહ્યું હતું કે દુનિયાના દેશોમાં પહોંચ્યા પછી જ્ઞાનવૃદ્ધિમાં ભારતીયોએ એક નવી પહેચાન બનાવી છે. આજે વિવિધ દેશો ભારતના જ્ઞાનને વિકાસની દિશામાં આગળ વધારી રહ્યા છે.

મહાત્મા મંદિરમાં વિશ્વના ભારતીય પ્રતિનિધિઓની બહોળી સંખ્યામાં હાજરી ધ્યાનાકર્ષણ બની હતી. દક્ષિણ આફ્રિકા, ગયાના અને મોરેસિયસના મહેમાનો આ સંમેલનમાં ઉપસ્થિત હતા કે જે દેશોમાં ગાંધીજી એક આઈકોન બની ચૂકેલા છે. આજે વિશ્વના ૨૦૦ દેશોમાં એક ભારતીય નહીં, આખું ભારત વસે છે.

જાણો ભારત અંગે ક્વિઝ કોમ્પિટિશન શરૂ કરવા વિશ્વના ભારતીયોને વડાપ્રધાને સૂચન કરતા કહ્યું હતું કે ભારત અંગે વિશ્વના દેશો વધુ માહિતગાર થાય તે માટે બિન નિવાસી યુવા ભારતીયોએ સોશ્યલ માધ્યમથી અદ્યતન કોમ્પિટિશન માટે ઉત્સાહ બતાવવો જોઈએ.

ચાર હજારથી વધુ એનઆરઆઈની ઉપસ્થિતિમાં મોદીએ કહ્યું હતું કે સમગ્ર વિશ્વનું ધ્યાન આજે ભારત તરફ દોરાયેલું છે. પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી હું વિશ્વના ઓછામાં ઓછા ૫૦ લિડરોને મળ્યો છું અને તેમની સાથે થયેલી ઈન્ટરએક્શન પછી મને લાગ્યું છે કે તેઓને ભારતને જાણવામાં વધુ રસ છે. આજે ગર્વ સાથે કહી શકાય છે કે વિશ્વના ૮૦ જેટલા દેશોમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમા મોજૂદ છે.

મોદીએ કહ્યું હતું કે યુનાઈટેડ નેશનની કોન્ફરન્સમાં મેં વર્લ્ડ યોગા ડે ની ઉજવણી કરવા અંગેનો પ્રસ્તાવ મેં મૂક્યો હતો જેને વિશ્વના ૧૯૧ દેશો પૈકી ૧૭૭ દેશોનું સમર્થન મળ્યું છે જે એક વિશ્વ વિક્રમ છે. એક સાથે આટલા બધાં દેશો પ્રસ્તાવને સ્વિકારે તે મારે મન ભારત માટે ગૌરવની બાબત છે.

● અનુસંધાન પાન-૭ પર











## વિઝાની તકલીફ શું હોય તે મને ખબર છે...

### વિશ્વના લોકોની મુશ્કેલીઓનું સમાધાન મારી સરકારે કર્યું છે : નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા.૮

જયારે હું મુખ્યમંત્રી પણ નહોતો ત્યારે વિશ્વમાં વસતા લોકોની તકલીફો સાંભળતો હતો. હું વિદેશ પ્રવાસમાં હતો ત્યારે પણ એનઆરઆઈની તકલીફો સાંભળી હતી. આજે હું ગર્વની સાથે તમને વિશ્વાસ આપુ છું કે અમે જે તમને કહ્યું હતું કે વચન પાળી બતાવ્યુ છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા મંદિરના મુખ્ય હોલમાં આ શબ્દોનું ઉચ્ચારણ કર્યુ હતું. તેમણે કહ્યું કે અમે કહ્યું હતું કે પીઆઈઓ કાર્ડ હોલ્ડરને આજીવન વિઝા મળશે. તે કામ થઈ ગયુ છે.

હવે તમારે એમ્બેસીના ધક્કા ખાવાની જરૂર નહીં પડે. બીજી એક સમસ્યા હતી. જે શા માટે હતી તે મને નથી સમજાતુ. ભારત આવીને રહેતા પીઆઈઓ કાર્ડ હોલ્ડરને દર સપ્તાહે પોલીસ સ્ટેશન હાજરી આપવી પડતી હતી. આ સાંભળીને દુખ થતુ. સત્તા પર આવી મેં એ નિયમ હટાવી દીધો છે. આજે ગર્વ સાથે તમને કહી શકુ છું કે પીઆઈઓ અને ઓસીઆઈ કાર્ડને મર્જ કરી દેવાયા છે. સૌને એક જ પ્રકારની સેવા મળશે. તમને પડતી મુશ્કેલીઓને ધ્યાને રાખી વિઝા ઓન અરાઈવલની સુવિધા શરૂ કરી દેવાઈ છે. એ જ રીતે ઈલેકટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશનની સુવિધા પણ શરૂ કરી દેવાઈ છે. મોદીએ એવી કોમેન્ટ પણ કરી હતી કે વિઝાની તકલીફ શું હોય છે તે હું સારી રીતે જાણું છું. તેમનો આ ઈશારો અમેરિકાના તેમના વિઝા અંગેના વલણ સામે હતો.

# મોહનથી મહાત્મા બન્યાની વણકથી વાતોનું સુયોગ્ય સંકલન દાંડી કુટિરમાં છે

## ત્રણ મજલામાં વિસ્તરેલું પ્રદર્શન : આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે

### દાંડી કુટિરની નોંધપોથીમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની લાગણીઓની અક્ષરશઃ નોંધ

મહાત્મા ગાંધી એક વિશ્વ માનવ એક યુગની ઓળખ માનવ કેન્દ્રી વિકાસની ધરોહર... અહિંસાના અમોધ શસ્ત્રની અવિરત શક્તિનો સ્ત્રોત દાંડી કૂટિર ગાંધી જીવનની નવી પેઢીને આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમ થકી પ્રેરણાસ્થળ બનાવવાનું સ્વપ્ન આજે સાકાર થતું જોઈ આનંદની અનુભૂતિ થાય છે. પૂ. બાપુનું જીવન આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહે તો માનવ કલ્યાણનું મહામૂલું કામ કર્યાનો સંતોષ અનુભવાશે. પૂ. બાપુની ભારત આગમનની શતાબ્દિની ઉત્તમ યાદ બની રહી છે. પૂ. બાપુના જીવનને, જીવન સંદેશને, કર્મમય જીવનને, આજની પળે પ્રણામ....

- નરેન્દ્ર મોદી

૮-૧-૨૦૧૫

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં મહાત્મા મંદિરનું આગવું આકર્ષણ એટલે દાંડીકુટિર.



આ દાંડીકુટિરમાં ગાંધીજીના જીવન કવન પર એક વિશાળ પ્રદર્શન રાખવામાં આવ્યું છે.

ત્રણ મજલા ધરાવતી આ દાંડી કુટિરના ભોંયતળિયે ગાંધીજી આફ્રિકાથી પરત ફર્યા પછીના પ્રસંગથી શરુ થાય છે. અહીં ગાંધીજીના બાળપણની વાતો તેમજ જુદી જુદી ઉંમરના તેમના લુક સહિત ઘણી બધી વણકથી વાતોનો ઈતિહાસ રજુ કરવામાં આવ્યો છે.

આઝાદીની ચળવળમાં મોહનદાસ કરમચંદ ગાંધી કેવી રીતે મહાત્મા બન્યા તે વાતોનો ઉલ્લેખ પણ આબેહુબ રીતે કરવામાં આવ્યો છે. અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીની યાદમાં બનાવેલું આ પ્રદર્શન એક અમૂલ્ય ખજાનો બની રહેશે.

માનવીય મૂલ્યોની માવજત માટે આ દાંડીકુટિર પ્રેરણા કેન્દ્ર બનશે તેવો વિશ્વાસ વ્યકત કરવામાં આવી રહ્યો છે. છ માસના ગાળામાં આધુનિક ટેકનોલોજીના સંયોગ અને સંકલન સાથે આ આખુંય પ્રદર્શન તૈયાર કરવામાં આવેલ છે.

દાંડીકુટિરનું નિર્માણ જે એક સીમાચિહ્ન છે એવી જ રીતે આ કુટિરમાંનું પ્રદર્શન પણ એક સીમા ચિહ્ન છે. ૧૩૫ ફુટની હાઈટ ધરાવતી આ કુટિર આમતો બે ભાગમાં છે. એક ઈનર માઉન્ટ અને આઉટર માઉન્ટ. આઉટર માઉન્ટમાં બુક શોપ્સ ઉપરાંત સુવિધા કેન્દ્ર સહિતની બાબતો છે.

આજે દાંડીકુટિરને ખુલ્લી મુકયા બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પણ પ્રભાવિત થયા હતા તેમણે વિઝીટર બુકમાં જે નોંધ કરી છે તે અક્ષરશઃ આ પ્રમાણે છે.

## પીબીડીના સમાચાર સંક્ષિપ્તમાં

- પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં ભાગ લેવા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથસિંહ ગાંધીનગર આવી રહ્યા છે.
- આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીશ્રી સહિત ૯ રાજ્યના મુખ્યમંત્રીઓ ભાગ લેવા આવી રહ્યા છે.
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ ની પણ ઉડતી મુલાકાત લીધી હતી.
- પ્રધાનમંત્રીશ્રી મોદી આજે સાંજે જ દિલ્હી જવા રવાના થયા હતા.

૧ થી ૩૦ સેક્ટર માટે

LED TV, LCD TV, Colour TV

રીપેરીંગ માટે ફોન કરો

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬







